નંબર/વીપીજમન/વશી. ૨૧૨૮ થી ૨૧૪૦/૨૦૧૬

કલેકટર પંચમહાલની કચેરી,
ગોધરા તા. ૧૬/૦૯/૨૦૧૬

વિષયઃ—મોજે.ગોધરા(કસ્બા) તા.ગોધરાના સ.નં.૧૦૪૧,૧૦૪૨,૧૦૪૩ પૈકી ૧ ની હે.૩—૧૧—૬૩ ચો.મી જમીન કેન્દ્રીય વિદ્યાલય,ગોધરા માટે "કેન્દ્રીય વિદ્યાલય સંગઠન,ભારત સરકાર,અમદાવાદ રીજીયન,ગાંધીનગર ને કિંમત માફી/મહેસુલ માફી થી ફાળવવા બાબત.

વાંચ્યોઃ—

(૧) પ્રિન્સીપાલશ્રી,કેન્દ્રીય વિદ્યાલય,ગોધરાના પત્ર નં.૧૨૦૧૧૧ એલ ૦૪/૨૦૧૧—૧૨/કિવી જી.ડી.આર.એ/૫૦ તા.૧/૧૨/૨૦૧૧.
(૨) મામલતદારશ્રી,ગોધરાના પત્ર નં.જમન/વશી/૧૪૨૮ તા.૩૦/૦૫/૨૦૧૫ તથા પત્ર નંબર/જમન/વશી/૩૩૦૯ તા.૧૪/૧૨/૨૦૧૫
(૩) નાયબ કલેકટરશ્રી,ગોધરા પ્રાન્ત ગોધરાના પત્ર નંબર/જમન/વશી/૧/૨૦૧૬ તા.૪/૦૧/૨૦૧૬ થી રજુ થયેલ અહેવાલ સહીતની દરખાસ્ત.
(૪) અત્રેના પત્ર નંબર/વીપીજમન/કિ.વી/વશી.૪૨૧/૨૦૧૫ તા.૧/૦૬/૨૦૧૫ તથા પત્ર નંબર.વીપીજમન/કેન્દ્રીય વિદ્યાલય/જમીન ફાળવણી/વશી તા.૦૪/૦૧/૨૦૧૬ તથા પત્ર નંબર/વીપીજમન/પુર્તતા/વશી.૧૨૭૬/૨૦૧૬
(૫) સેકશન અધિકારીશ્રી,મહેસુલ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃજમન/૧૮૧૫/૧૭૬૭/ગ તા.૧૬/૦૮/૨૦૧૬
(૬) ગુજરાત જમીન મહેસુલ નિયમ—૧૯૭૨ના નિયમ—૩૨(૧) અને ૩૨(ક)ની જોગવાઇઓ.

કલેકટર પંચમહાલ ગોધરા

હુકમઃ—

પ્રસ્તુત કામે આમુખ(૧) ના વંચાણે લીધેલ પત્રથી કેન્દ્રીય વિદ્યાલય ગોધરા માટે જમીન ફાળવવા માંગણી કરેલ.

આમુખ(૨) તથા આમુખ(૩)ના વંચાણે લીધેલ પત્રોથી અહેવાલ સહીતની રજુ થયેલ દરખાસ્ત/પુર્તતા અહેવાલની વિગતે,મોજે.ગોધરા(ક) તા.ગોધરાના સ.નં.૧૦૪૧,૧૦૪૨,૧૦૪૩ પૈકી ૧ ની જમીનો કેન્દ્રીય વિદ્યાલય ગોધરા માટે જમીન ફાળવવા અભિપ્રાય આપેલ છે.

આમુખ(૪)ના વંચાણે લીધેલ પત્રોથી મોજે.ગોધરા(ક) તા.ગોધરાના સ.નં.૧૦૪૧,૧૦૪૨,૧૦૪૩ પૈકી ૧ ની હે.આરે.ચોમી.૩—૧૧—૬૩ ચો.મી જમીન કેન્દ્રીય વિદ્યાલય,ગોધરા માટે કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના નામે ગુજરાત જમીન મહેસુલ નિયમો—૧૯૭૨ના નિયમ—૩૨ હેઠળ કિંમત માફી તથા મહેસુલ માફીથી જમીન ફાળવવા મહેસુલ વિભાગમાં દરખાસ્ત સાદર કરવામાં આવેલ.

સરકારશ્રીના આમુખ—(૫) ના વંચાણે લીધેલ ઠરાવથી મોજે.ગોધરા(ક) તા.ગોધરાના સ.નં.૧૦૪૧, ૧૦૪૨, ૧૦૪૩ પૈકી ૧ ની હે.આરે.ચોમી.૩—૧૧—૬૩ ચો.મી જમીન કેન્દ્રીય વિદ્યાલય,ગોધરા માટે કેન્દ્રીય વિદ્યાલય સંગઠન,અમદાવાદ રીજીયન,ગાંધીનગરને શૈક્ષણિક હેતુસર સને.૧૯૭૨ના જમીન મહેસૂલ નિયમોના નિયમ—૩૨(૧) અને ૩૨(ક)ની જોગવાઇઓ મુજબ"ખાસ કિસ્સામાં" વિના મૂલ્યે કિંમત માફી અને મહેસૂલ માફીથી શરતોને આધિન નવી,અવિભાજ્ય અને વિક્રિયાદી નિયંત્રીત શરતોએ ફાળવવાનું ઠરાવેલ છે.આ જમીનની કિંમત માફી અને મહેસૂલ માફીની કુલ રકમ રૂા.૮,૨૬,૭૫,૪૩૯/—(અંકે રૂપિયા આઠ કરોડ છવ્વીસ લાખ પંચોતેર હજાર ચારસો ઓગણચાલીસ પુરા) થાય છે.

સબબ, ઉપર મુજબની હકીકતે,મોજે.ગોધરા(ક) તા.ગોધરાના રે.સ.નં.૧૦૪૧ ની હે.આરે.ચોમી. ૧—૯૬—૨૮ પૈકી હે.આરે.ચોમી.૦—૮૪—૯૯,રે.સ.નં.૧૦૪૨ ની હે.આરે.ચોમી.૨—૦૦—૩૨ પૈકી હે.આરે.ચોમી. ૧—૬૭—૯૫, તથા રે.સ.નં.૧૦૪૩ પૈકી ૧ ની હે.આરે.ચોમી.૦—૫૮—૬૯ મળી કુલ હે.આરે.ચોમી.૩—૧૧—૬૩ જમીન કેન્દ્રીય વિદ્યાલય,ગોધરા માટે શૈક્ષણિક હેતુસર "ગુજરાત જમીન મહેસુલ નિયમો—૧૯૭૨ ના નિયમ—૩૨ (૧) અને ૩૨(ક)ની જોગવાઇઓ મુજબ "ખાસ કિસ્સામાં"વિનામૂલ્યે કિંમત માફી અને મહેસૂલ માફીથી "કેન્દ્રીય વિદ્યાલય સંગઠન,ભારત સરકાર,અમદાવાદ રીજીયન,ગાંધીનગર" ને નીચેની શરતોને આધીન "નવી,અવિભાજ્ય અને વિક્રિયાદી નિયંત્રિત શરતોએ ફાળવવા હુકમ કરવામાં આવે છે.

શરતોઃ—

(૧) ફાળવણી કરેલ મોજે.ગોધરા(ક) તા.ગોધરાના રે.સ.નં.૧૦૪૧ ની હે.આરે.ચોમી.૧—૯૬—૨૮ પૈકી હે.આરે.ચોમી.૦—૮૪—૯૯,રે.સ.નં.૧૦૪૨ ની હે.આરે.ચોમી.૨—૦૦—૩૨ પૈકી હે.આરે.ચોમી. ૧—૬૭—૯૫,તથા રે.સ.નં.૧૦૪૩ પૈકી ૧ ની હે.આરે.ચોમી.૦—૫૮—૬૯ મળી કુલ હે.આરે.ચોમી. ૩—૧૧—૬૩ જમીનના કબજેદારના કોલમમાં "શ્રી સરકાર" દાખલ કરવાનું રહેશે તથા બીજા હકકમાં "કેન્દ્રીય વિદ્યાલય સંગઠન,ભારત સરકાર,અમદાવાદ રીજીયન,ગાંધીનગર"નું નામ દાખલ કરવાનું રહેશે.તથા પૈકી નંબરનું ૭/૧૨ નું અલગ પાન દાખલ કરવાનું રહેશે.

Scanned by CamScanner

(૨) સંસ્થાને જમીનનો કબજો સોંપવામાં આવે ત્યારથી ૬(છ) માસમાં શરૂ કરીને અને ૨(બે) વર્ષની મુદતમાં શાળાના મકાન/મેદાનનું બાંધકામ/લેવલીગ પુરૂ કરવાનું રહેશે.નિયત સમયમાં બાંધકામ/લેવલીગ કરવામાં નહિ આવે તો જમીન સરકાર હસ્તક પરત લેવામાં આવશે.

(૩) કેન્દ્રીય વિદ્યાલય કોઇપણ જ્ઞાતી કે ધર્મના ભેદભાવ વિના દરેક માટે ખુલ્લા રાખવા પડશે.

(૪) કેન્દ્રીય વિદ્યાલયના બાંધકામના નકશા કલેકટરશ્રી,પંચમહાલ પાસે મંજુર કરાવવાના રહેશે અને તેમાં કલેકટરશ્રીની અગાઉથી મંજૂરી વિના ફેરફાર કે વધારો થઈ શકશે નહી.

(૫) ફાળવણી કરેલ જમીન ઉપર સંસ્થા ધ્વારા જે બાંધકામ કરવામાં આવે તે રાજયના નિયમન અને મકાન બાંધકામ નિયમનને આધિન રાખીને કરવાનું રહેશે.

(૬) સંસ્થાને જે હેતુ માટે જમીન આપવામાં આવી છે તે હેતુ માટે સંસ્થાએ ઉપયોગ કરવાનો રહેશે.તેનો બીજા કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.

(૭) આ જમીનમાંથી સંસ્થા કોઈપણ નફો લઈ શકશે નહી તથા કોઈપણ નફાકારક ઉપયોગમાં લઈ શકશે નહી.

(૮) સરકારશ્રી/કલેકટરશ્રી ધ્વારા ફાળવેલ સરકારી જમીન પર પહેલો હકક સરકારશ્રીનો રહેશે.ફાળવેલ જમીન ગીરો મૂકવા,વેચાણ કરવા,બક્ષીસ મૂકવા,જાહેર હરાજી કરવા કે નાણાંકીય વ્યવહારના કિસ્સામાં ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી,રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓની કચેરી કે અન્ય સત્તાધિકારી ધ્વારા આપવામાં આવેલી મંજૂરી મહેસૂલ વિભાગ કે કલેકટરશ્રી માટે માન્ય ગણાશે નહી.મહેસૂલ વિભાગ/કલેકટરશ્રીની પૂર્વ પરવાનગી સિવાય સરકારી જમીન ગીરો મૂકવા,વેચાણ કરવા,જાહેર હરાજી કરવા,બક્ષીસ મૂકવા કે નાણાંકીય વ્યવહાર કરી શકાશે નહી.

(૯) ફાળવણી કરેલ જમીનની સંસ્થાએ સ્વ ખર્ચે એક માસમાં ડી.આઇ.એલ.આર.શ્રી,પંચમહાલ ગોધરા પાસેથી વિધિવત માપણી કરાવી લેવાની રહેશે.

(૧૦) ફાળવણી કરેલ જમીનની માપણીની કામગીરી પૂર્ણ થયે સંસ્થાને કિંમત માફી તથા મહેસુલ માફીથી આપેલ જમીનની સનદ તૈયાર કરી મામલતદારશ્રી,ગોધરા તુર્તજ પ્રતિસહી અર્થે અત્રે તુર્તજ મોકલી આપવાની રહેશે.

ઉપર્યુકત કોઈ પણ શરત કે શરતોનો સંસ્થા ભંગ કરશે તો જમીન કોઇપણ જાતનું વળતર આપ્યા વિના સરકાર હસ્તક પરત લેવામાં આવશે.

ગામ દફતરે હુકમની વિગતે નોધ રાખવી.

રવાના કર્યુ
(સહી)
ચીટનીશ ટુ કલેકટર
પંચમહાલ ગોધરા

(સિક્કો: કલેકટર પંચમહાલ ગોધરા)

સહી/-
કલેકટર પંચમહાલ
ગોધરા

પ્રતિ,
ડેપ્યુટી કમિશ્નરશ્રી,
કેન્દ્રીય વિદ્યાલય સંગઠન,અમદાવાદ રીજીયન,
સેકટર-૩૦,ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:</u>- ઉપ સચિવશ્રી,મહેસુલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ.
<u>નકલ જયભારત સહ રવાના:</u>- સેકશન અધિકારીશ્રી,મહેસૂલ વિભાગ"ગ" શાખા,ગાંધીનગર તરફ જાણ સારૂ.
<u>નકલ જયભારત સહ રવાના:</u>- જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત,પંચમહાલ ગોધરા તરફ...
<u>નકલ જયભારત સહ રવાના :</u>- નગર નિયોજકશ્રી,પંચમહાલ-ગોધરા તરફ જાણ સારૂ.
<u>નકલ રવાના :</u>- નાયબ કલેકટરશ્રી,ગોધરા પ્રાંત,ગોધરા તરફ જાણ સારૂ.
<u>નકલ રવાના :</u>- ડી.આઈ.એલ.આર.શ્રી,પંચમહાલ ગોધરા તરફ.

૨/-ફાળવણી કરેલ જમીનની સંસ્થાના સ્વ ખર્ચે માપણી ફી ની રકમ જમા થયે માપણી કરવા તથા સર્વે દુરસ્તી કરવા સારૂ...

<u>નકલ રવાના:</u>- પ્રિન્સીપાલશ્રી,કેન્દ્રીય વિદ્યાલય,ગોધરા તરફ...
<u>નકલ રવાના :</u>- મામલતદારશ્રી,ગોધરા તરફ.

૨/- જાણ તથા હુકમ મુજબ ગામ નમુના નંબર.(૬) માં નોધ કરી કાચી નોધની નકલ દિન-૩ માં અત્રે મોકલી આપવી.

૩/-સવાલવાળી જમીનની સર્વે ખાતા તરફથી માપણીની કામગીરી પૂર્ણ થયે જમીનનો કબજો સુપ્રત કરી અને તે અંગેની સનદ તૈયાર કરી,કબજા પાવતી સહીત વિગતે રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ...

<u>નકલ રવાના:</u>- તાલુકા વિકાસ અધિકારીશ્રી,ગોધરા તરફ...
<u>નકલ રવાના:</u>- મુખ્ય અધિકારીશ્રી,નગરપાલિકા,ગોધરા તરફ...
<u>નકલ રવાના :</u>- તલાટીશ્રી,ગોધરા કસ્બા તા.ગોધરા તરફ.
<u>નકલ રવાના :</u>- સિલેકટ ફાઈલે.

Scanned by CamScanner